Seat No.:

Sl. No. :

# 046(G)

**(March, 2023)**

***Time : 3 Hours]*** ***[Maximum Marks : 100***

**સૂચનાઓ :**

1) **આ પ્રશ્નપત્રમાં કુલ પાંચ વિભાગ અને 49 પ્રશ્નો છે.**
2) **બધા જ પ્રશ્નો ફરજિયાત છે. વિકલ્પો આંતરિક છે.**
3) **પ્રશ્નની સામે લખેલ અંક ગુણ દર્શાવે છે.**
4) **પ્રશ્નની સૂચના પ્રમાણે જવાબ લખો.**
5) **નવો વિભાગ નવા પાના ઉપર લખવો.**

## વિભાગ - A

■ **નીચે આપેલા પ્રશ્ન ક્રમાંક 1 થી 10 હેતુલક્ષી પ્રકારના પ્રશ્નો છે. આપેલા ચાર વિકલ્પ (A, B, C, D) પૈકી સાચો વિકલ્પ પસંદ કરી જવાબ લખો. દરેક પ્રશ્નનો 1 ગુણ છે.** **[10]**

1) જ્ઞાનને અમલમાં મૂકવાની સરળ પધ્ધતિ એટલે શું ?
   (A) વ્યવસાય (B) વિજ્ઞાન
   (C) કળા (D) દોરવણી

2) નવપ્રશિષ્ટ વિચારધારાના પ્રણેતા કોણ હતા ?
   (A) હર્ઝબર્ગ (B) હેનરી ફેયોલ
   (C) ફ્રેડરીક ટેલર (D) એલ્ટન મેયો

3) આયોજનને કોની સાથે સંબધ છે ?
   (A) ભૂતકાળ (B) વર્તમાન
   (C) ઉત્પાદન (D) ભવિષ્ય

4) નીચેનામાંથી કયા વ્યવસ્થા તંત્રમાં વિભાગ કરતાં કાર્યને વધુ મહત્ત્વ આપવામાં આવે છે ?
   (A) રૈખિક (B) કાર્યાનુસાર
   (C) અવૈધિક (D) શ્રેણિક



https://www.gujaratboardonline.com

5) પ્રયત્નો પરિણામ તથા સાધનો અને ઉદેશ વચ્ચે સંતુલન સાધવાનું કાર્ય એટલે શું ?

(A) દોરવણી (B) કર્મચારી વ્યવસ્થા

(C) સંકલન (D) અંકુશ

6) સંપત્તિના મહત્તમીકારણનો હેતુ બીજા કયા નામે ઓળખાય છે ?

(A) સામાજિક કલ્યાણ (B) મૂડી રોકાણ

(C) ચોખ્ખું વર્તમાન મૂલ્ય (D) ઇક્વિટી પરનો વેપાર

7) નાણાકીય સંચાલન કોની સાથે સંબંધ ધરાવે છે ?

(A) નાણાં કાર્ય (B) નાણાં બજાર

(C) મૂડી બજાર (D) શેર બજાર

8) ડિપોઝીટરી ધારો કયા વર્ષ અમલમાં આવ્યો ?

(A) 1991 (B) 1992

(C) 1995 (D) 1996

9) જ્યારે ઉત્પાદક ગ્રાહકને સીધું વેચાણ કરતો હોય ત્યારે કેટલી સપાટીવાળી વિતરણ વ્યવસ્થા ઊભી થઈ એમ કહેવાય ?

(A) એક (B) બે

(C) ત્રણ (D) શૂન્ય

10) ગ્રાહક સુરક્ષાનો કાયદો કયા વર્ષમાં પસાર કરવામાં આવ્યો હતો ?

(A) 1956 (B) 1932

(C) 1986 (D) 2015

## વિભાગ - B

■ **નીચે આપેલા પ્રશ્નક્રમાંક 11 થી 20 સુધીના પ્રશ્નોના એક વાક્યમાં જવાબ આપો. દરેક પ્રશ્નનો 1 ગુણ છે.** **[10]**

11) પેદાશ મિશ્રમાં કયા કયા ગુણધર્મનો સમાવેશ થાય છે ?

12) 'જુઓ અને આગળ વધો' નો સિધ્ધાંત ક્યારે અપનાવાય છે ?

13) સત્તા સોંપણી કોને કહેવાય ?

14) IIT નું વિસ્તૃત રૂપ આપો.

15) નફા ભાગ એટલે શું ?



https://www.gujaratboardonline.com

16) કઈ જામીનગીરી બહાર પાડવાનો ખર્ચ પ્રમાણમાં ઓછો આવે છે ?

17) નાણાં બજારના સાધનોની પાકતી મુદત કેટલા સમય માટેની હોય છે ?

18) ડિપોઝીટરીની સેવાઓ કોના દ્વારા પ્રાપ્ત થાય છે ?

19) વ્યક્તિગત વેચાણ એટલે શું ?

20) ધંધાકીય પરિબળોને મુખ્યત્વે કયા બે ભાગમાં વહેંચી શકાય છે ?

## વિભાગ - C

■ **નીચે આપેલ પ્રશ્નક્રમાંક 21 થી 35 સુધીના પ્રશ્નોના ટૂંકમાં જવાબ લખો.**
**દરેક પ્રશ્નના 2 ગુણ છે.** **[30]**

21) સંકલનનો અર્થ આપો.

22) વૈજ્ઞાનિક સંચાલન એટલે શું ?

23) 'વ્યવસ્થાતંત્ર એ એકમ નું શરીર છે અને આયોજન તેનું મગજ છે' સમજાવો.

**અથવા**

વિકેન્દ્રીકરણ ક્યારે શક્ય બને છે ?

24) ભરતી માટેના આંતરિક અને બાહ્ય પ્રાપ્તિસ્થાનોના નામ જણાવો.

25) તાલીમનો અર્થ આપો. https://www.gujaratboardonline.com

26) દોરવણીના તત્વોની યાદી આપો.

27) પ્રોત્સાહનનો અર્થ સમજાવો.

28) અંકુશ કઈ રીતે આંતરિક પ્રક્રિયા ગણાય ?

29) 'કાર્યશીલ મૂડી એટલે ધંધામાં ચક્રાકારે ફરતી મૂડી' સમજાવો.

30) અસંગઠિત નાણાં બજાર એટલે શું ?

**અથવા**

કોલ મની અને નોટિસ મની વચ્ચે મુખ્ય કયો તફાવત છે ?

31) માલનો સંગ્રહ શા માટે કરવામાં આવે છે ?

32) બ્રાન્ડિંગની કોઈપણ બે લાક્ષણિકતાઓ જણાવો.

33) ગ્રાહક-શોષણ વિશે સમજૂતી આપો.

34) ધંધાકીય પર્યાવરણના સામાજિક પરિબળો વિશે જણાવો.

35) ઉદારીકરણનો અર્થ સમજાવો.



https://www.gujaratboardonline.com

## વિભાગ - D

■ નીચે આપેલ પ્રશ્નક્રમાંક 36 થી 45 જવાબી પ્રશ્નો છે. તેના 50 શબ્દોની મર્યાદામાં જવાબ આપો. દરેક પ્રશ્નના 3 ગુણ છે. **[30]**

36) ઉચ્ચ સપાટી સંચાલનના કાર્યો જણાવો.

37) સંકલનનું મહત્ત્વ જણાવો.

38) સંચાલનના સિદ્ધાંતોના મહત્ત્વ અંગે ચર્ચા કરો.

39) કાર્યાનુસાર વ્યવસ્થાતંત્રની રચના સમજાવો.

40) વૈધિક વ્યવસ્થાતંત્રના લક્ષણો સમજાવો.

41) "આયોજન અને અંકુશ એક જ સિક્કાની બે બાજુઓ છે" સમજાવો.

42) નાણાકીય સંચાલનના હેતુઓ સમજાવો.

**અથવા**

કાર્યશીલ મૂડીને અસર કરતા પરિબળો સમજાવો. (કોઈપણ છ મુદ્દા)

43) સેબીના કાર્યો સમજાવો. (કોઈપણ છ)

44) બજારીય પ્રક્રિયા અને વેચાણ વચ્ચેનો તફાવત સમજાવો.

**અથવા**

જાહેર સંપર્કની ભૂમિકા સમજાવો.

45) વૈશ્વિકીકરણ ની સકારાત્મક અસરો આપો. (કોઈપણ છ મુદ્દા)

## વિભાગ - E

■ નીચે આપેલા પ્રશ્નક્રમાંક 46 થી 49 સુધી વિસ્તૃત જવાબી પ્રશ્નો છે. વિસ્તારપૂર્વક જવાબ આપો. દરેક પ્રશ્નના 5 ગુણ છે. **[20]**

46) આયોજન એટલે શું ? તેની લાક્ષણિકતા સમજાવો.

47) કર્મચારી વ્યવસ્થાનું મહત્ત્વ સમજાવો.

**અથવા**

તાલીમનું મહત્ત્વ સમજાવો.

48) માસ્લોની જરૂરિયાતોના અગ્રતાક્રમ આકૃતિ સહિત સમજાવો.

49) ગ્રાહક સુરક્ષાના કાયદા મુજબ ગ્રાહકોની જવાબદારીઓ વર્ણવો.

**અથવા**

ગ્રાહકોને કયા પ્રકારની રાહતો ગ્રાહક સુરક્ષાના કાયદા મુજબ મળી શકે છે ?

◆◆◆



https://www.gujaratboardonline.com